# સરદાર પટેલ યુનિવર્સિટી

## વલ્લભ વિદ્યાનગર

## સિન્ડિકેટની સભા (તારીખઃ૨૦/૦૪/૨૦૨૨, બુધવાર)

## કાર્યનોંધ

સિન્ડિકેટની સભા, તારીખઃ૨૦/૦૪/૨૦૨૨ને બુધવારના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર ખાતે મળી હતી.

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-

| ક્રમ | સભ્યશ્રીઓના નામ |
|---|---|
| ૧) | ડૉ. નિરંજનભાઈ પી પટેલ (કા.કુલપતિશ્રી) |
| ૨) | ડૉ. વિનાયક એચ. પટેલ |
| ૩) | ડૉ. વિજયસિંહ એમ.વનાર |
| ૪) | ડૉ. જતીનભાઇ ડી. પટેલ |
| ૫) | શ્રી કેતનકુમાર પરસોત્તમદાસ પટેલ |
| ૬) | શ્રી હરીશકુમાર ધુળાભાઇ પટેલ |
| ૭) | શ્રી પાર્થ બિપીનચંદ્ર પટેલ |
| ૮) | શ્રી વિપુલભાઇ ભાસ્કરભાઇ પટેલ |
| ૯) | ડાૅ. દર્શના દવે |
| ૧૦) | શ્રી વિજયકુમાર રમણભાઇ પટેલ |
| ૧૧) | શ્રી જીતેન્દ્રકુમાર બાબુભાઇ પટેલ |
| ૧૨) | શ્રી મહેન્દ્રભાઇ કેવલદાસ નાયી |
| ૧૩) | શ્રી નિરવ ચંદ્રકાન્તભાઇ અમીન |
| ૧૪) | શ્રી સંજયકુમાર રમણભાઇ પટેલ |
| ૧૫) | શ્રી વિકાસ જીતેન્દ્રકુમાર શાહ |
| ૧૬) | શ્રી ગોપાલભાઇ ઠાકોરલાલ શાહ |
| ૧૭) | શ્રી મેહુલ પટેલ(આમંત્રિત) |

**નીચેના સભ્યશ્રીઓ હાજર રહી શક્યા ન હતાઃ-**

૧) ડાયરેકટર, કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન, ગુજરાત રાજ્ય
૨) જોઇન્ટ ડાયરેકટર,કમિશ્નર ઓફ ટેકનીકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય
૩) ડાયરેકટર ઓફ હેલ્થ, મેડીકલ સર્વિસીસ એન્ડ મેડીકલ એજ્યુકેશન
૪) શ્રી પ્રેમચંદ્ મોરારભાઇ કોરાલી
૫) શ્રી મનીષભાઇ પટેલ(આમંત્રિત)

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

## (સિન્ડિકેટ વિભાગ)

૧. તારીખઃ૨૮/૦૨/૨૦૨૨ને સોમવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવા બાબત.
(બિડાણઃ ૧ પૃ. કાર્યનોંધ)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૨૮/૦૨/૨૦૨૨ને સોમવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવી.**

૨. તારીખઃ૨૮/૦૨/૨૦૨૨ને સોમવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહિના અહેવાલની નોંધ લેવા બાબત. (બિડાણઃ૨)

**તારીખઃ૨૮/૦૨/૨૦૨૨ને સોમવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલ ઠરાવો ઉપર કરેલ કાર્યવાહીની નોંધ લેવામાં આવી.**

## (એકેડેમિક વિભાગ)

૩. આચાર્યશ્રી, નોલેજ ઈન્સ્ટિટયુટ ઓફ ફીજીયોથેરાપી, બાકરોલના તારીખઃ ૦૭/૦૩/૨૦૨૨ના પત્ર નં. KIP/SPU/SYNDICATE/2022/714થી તેમની કોલેજમાં નીચેના અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;

**નોલેજ ઈન્સ્ટિટયુટ ઓફ ફીજીયોથેરાપી, બાકરોલ**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Suryavanshi Shweta Yuvaraj<br>બેચલર ઓફ ફીજીયોથેરાપી ઓગષ્ટ-૨૦૧૧ ૬૭%<br>માસ્ટર ઓફ ફીજીયોથેરાપી ઓકટો.-૨૦૧૫ ૬૬.૫૦%<br>**શૈક્ષણિક અનુભવઃ**<br>૫ વર્ષ ૬ માસ આસી.પ્રોફેસર કમ ફીઝીકલ થેરાપીસ્ટ | Assistant Professor | લાયકાત ધરાવે છે. |
| ૨. | Solanki Rachanaben Chhaganlal<br>બેચલર ઓફ ફીજીયોથેરાપી ઓગષ્ટ-૨૦૧૬ ૬૬%<br>માસ્ટર ઓફ ફીજીયોથેરાપી મે-૨૦૧૯ ૬૬% | Assistant Professor | લાયકાત ધરાવે છે. |
| ૩. | Sharma Jay Mukeshkumar<br>બેચલર ઓફ ફીજીયોથેરાપી ઓગષ્ટ-૨૦૧૬ ૬૬.૫૦%<br>માસ્ટર ઓફ ફીજીયોથેરાપી મે.-૨૦૧૯ ૬૫% | Assistant Professor | લાયકાત ધરાવે છે. |
| ૪. | Parikh Prakruti Ranchhodbhai<br>બેચલર ઓફ ફીજીયોથેરાપી જુલાઈ-૨૦૧૯ ૬૧%<br>માસ્ટર ઓફ ફીજીયોથેરાપી જૂન-૨૦૨૧ ૭૦% | Assistant Professor | લાયકાત ધરાવે છે. |

| | | | |
|---|---|---|---|
| ૫. | Dhingani Mansi Bharatbhai<br>બેચલર ઓફ ફીજીયોથેરાપી જુલાઇ-૨૦૧૯ ૬૬.૫૦%<br>માસ્ટર ઓફ ફીજીયોથેરાપી જૂન-૨૦૨૧ ૬૫.૫૦% | Assistant Professor | લાયકાત ધરાવે છે. |
| ૬. | Patel Kinjal Sureshbhai<br>બેચલર ઓફ ફીજીયોથેરાપી જુલાઇ-૨૦૧૬ ૬૨%<br>માસ્ટર ઓફ ફીજીયોથેરાપી મે-૨૦૧૯ ૫૮.૬૦% | Assistant Professor | લાયકાત ધરાવે છે. |
| ૭. | Gosai Swetaben Jayendragiri (OBC)<br>બેચલર ઓફ ફીજીયોથેરાપી જાન્યુ.-૨૦૧૫ ૫૯.૮૦%<br>માસ્ટર ઓફ ફીજીયોથેરાપી એપ્રિલ-૨૦૧૮ ૫૨.૭૫%<br>**શૈક્ષણિક અનુભવઃ**૭ માસ ફીઝીયોથેરાપીસ્ટ<br>૧ વર્ષ ૨ માસ આસી.પ્રોફેસર | Assistant Professor | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197ની જોગવાઇ મુજબ નોલેજ ઇન્સ્ટિટયુટ ઓફ ફીજીયોથેરાપી, બાકરોલમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ થી ૭ ની કરેલ અધ્યાપકોની નિમણૂંકને માન્યતા આપવી.**

૪. માનદ્ મંત્રીશ્રી, શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદે તારીખઃ ૨૪/૦૨/૨૦૨૨ના પત્ર નં. SRKSM/143/2021-22થી તેઓના મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટિટયુટ ઓફ પી.જી. સ્ટડીઝ ઇન આર્ટ્સ, આણંદમાં નીચેના અધ્યાપકની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;

**આણંદ ઇન્સ્ટિટયુટ ઓફ પી.જી. સ્ટડીઝ ઇન આર્ટ્સ, આણંદ**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Dr. Anu Dayalkishan Mehta<br>બી.એ. (હિન્દી) એપ્રિલ-૧૯૯૪ ૬૬.૫૦%<br>એમ. એ. (હિન્દી) એપ્રિલ-૧૯૯૬ ૬૩%<br>બી.એડ્. એપ્રિલ-૨૦૦૬ ૮૩%<br>એમ.એડ્. એપ્રિલ-૨૦૦૭ ૮૩%<br>**પીએચ.ડી. (હિન્દી) જાન્યુઆરી-૨૦૦૨**<br>**શૈક્ષણિક અનુભવઃ**૧૨ વર્ષ ૮ માસ આસી.પ્રોફેસર/લેકચરર<br>૨ વર્ષ ૬ માસ એસો.પ્રોફેસર | Principal | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197ની જોગવાઇ મુજબ આણંદ ઇન્સ્ટિટયુટ ઓફ પી.જી. સ્ટડીઝ ઇન આર્ટ્સ, આણંદમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ ની કરેલ પ્રિન્સીપાલની નિમણૂંકને માન્યતા આપવી.**

૫. આચાર્યશ્રી, બી.એન.પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ પેરા મેડીકલ એન્ડ સાયન્સ, આણંદના તારીખઃ ૨૪/૨/૨૦૨૨ના પત્ર નં.BNP/M.Sc./Acd/2021-2022/320થી નીચેના અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;

**બી.એન.પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ પેરા મેડીકલ એન્ડ સાયન્સ, આણંદ**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Dr. Reenabahen Ramujagar Varma<br>બી.એસસી. (કેમેસ્ટ્રી) એપ્રિલ-૨૦૧૨ ૬૫%<br>એમ.એસસી. (ઇનઓર્ગેનીક કેમેસ્ટ્રી) એપ્રિલ-૨૦૧૪ ૭૧%<br>**પીએચ.ડી. (કેમેસ્ટ્રી) જુલાઈ-૨૦૨૦**<br>**શૈક્ષણિક અનુભવ :**૧ વર્ષ આસી.પ્રોફેસર | Assistant Professor | લાયકાત ધરાવે છે. |
| ૨. | Chauhan Miteshkumar Rajeshbhai<br>બી.એસસી. (કેમેસ્ટ્રી) એપ્રિલ-૨૦૧૫ ૬૧.૫૦%<br>એમ.એસસી. (ઓર્ગેનીક કેમેસ્ટ્રી) એપ્રિલ-૨૦૧૭ ૬૨.૪૦%<br>**જીસેટ (કેમિકલ સાયન્સ) માર્ચ-૨૦૨૦** | Assistant Professor | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197ની જોગવાઇ મુજબ બી.એન.પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ પેરા મેડીકલ એન્ડ સાયન્સ, આણંદમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ થી ૨ ની કરેલ અધ્યાપકોની નિમણૂંકને માન્યતા આપવી.**

૬. આચાર્યશ્રી, સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડીયાદના તારીખઃ૦૮/૦૩/૨૦૨૨ના પત્ર ક્રમાંક : ૬૫૩/૨૦૨૧-૨૨થી તેમની કોલેજમાં સાયકોલોજી વિષયમાં અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવતા (1) Dr. Prakashbhai Harsurbhai Vichhiya તથા (2) Dr. Arpita Jagdishkumar Chavdaએ તેમની ફિક્સ પગારની પાંચ વર્ષની સેવા સંતોષકારક પુર્ણ કરેલ હોય સાયકોલોજી વિષયમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજ્ય સરકારશ્રીએ નિયમિત પગાર ધોરણ (૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે ૬૦૦૦)માં સમાવેશ કરેલ છે, તેની નોંધ લેવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ : ૧) Dr. Prakashbhai Harsurbhai Vichhiya**ની શૈક્ષણિક લાયકાત નીચે મુજબ છે.**

**શૈક્ષણિક લાયકાતઃ**બી.એ. (સાયકોલોજી) માર્ચ-૨૦૦૬, ૬૧.૮૦%
એમ.એ. (સાયકોલોજી) એપ્રિલ-૨૦૦૮, ૭૩%
એમ.ફીલ. (સાયકોલોજી) મે-૨૦૦૯, ૭૨%
**પીએચ.ડી. (સાયકોલોજી) જુલાઈ-૨૦૧૪**

નાયબ શિક્ષણ નિયામક (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરે તેમના પત્રાંકઃ કવટ/એજી૧/પગાર-૭૪૪/૨૦૨૧/૬૨૪૭-૫૨ તારીખઃ૨૯/૦૬/૨૦૨૧થી સાયકોલોજી વિષયમાં અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવતા Dr. Prakashbhai Harsurbhai Vichhiyaએ ફિકસ પગારની પાંચ વર્ષની સેવા

સંતોષકારક પુર્ણ કરેલ હોય તારીખઃ૦૭/૧૨/ ૨૦૨૦થી સાયકોલોજી વિષયમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજ્ય સરકારશ્રીએ નિયમિત પગાર ધોરણ (૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે ૬૦૦૦)માં સમાવેશ કરેલ છે.)

**તથા**

૨) Dr. Arpita Jagdishkumar Chavda**ની શૈક્ષણિક લાયકાત નીચે મુજબ છે.**

**શૈક્ષણિક લાયકાતઃ** બી.એ. (સાયકોલોજી) એપ્રિલ-૨૦૦૭, ૬૯.૬૦%

એમ.એ. (સાયકોલોજી) એપ્રિલ-૨૦૦૯, ૭૫.૫૦%

એમ.ફીલ. (સાયકોલોજી) ઓગષ્ટ-૨૦૧૦ ૬૯.૫૦%

**પીએચ.ડી. (સાયકોલોજી) જાન્યુઆરી-૨૦૧૪**

નાયબ શિક્ષણ નિયામક (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરે તેમના પત્રાંકઃ કવટ/એજી૧/પગાર-૭૩૮/૨૦૨૧/૬૨૪૧-૪૬ તારીખઃ૨૯/૦૬/૨૦૨૧થી સાયકોલોજી વિષયમાં અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવતા Dr. Arpita Jagdishkumar Chavdaએ ફિકસ પગારની પાંચ વર્ષની સેવા સંતોષકારક પુર્ણ કરેલ હોય તારીખઃ૦૭/૧૨/ ૨૦૨૦થી સાયકોલોજી વિષયમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજ્ય સરકારશ્રીએ નિયમિત પગાર ધોરણ (૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે ૬૦૦૦)માં સમાવેશ કરેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી, સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ, નડીયાદના તારીખઃ૦૮/૦૩/૨૦૨૨ના પત્ર ક્રમાંક : ૬૫૩/૨૦૨૧-૨૨થી તેમની કોલેજમાં સાયકોલોજી વિષયમાં અધ્યાપક સહાયક તરીકે ફરજ બજાવતા (1) Dr. Prakashbhai Harsurbhai Vichhiya તથા (2) Dr. Arpita Jagdishkumar Chavdaએ તેમની ફિક્સ પગારની પાંચ વર્ષની સેવા સંતોષકારક પુર્ણ કરેલ હોય સાયકોલોજી વિષયમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજ્ય સરકારશ્રીએ નિયમિત પગાર ધોરણ (૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે ૬૦૦૦)માં સમાવેશ કરેલ છે, તો તેમની નિમણુંકને યુનિવર્સિટી તરફથી માન્યતા આપવી.**

૭. કા.આચાર્યશ્રી, શ્રી ડી.એન. ઇન્સ્ટિટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકિશન, આણંદના તારીખઃ ૧૪/૩/ ૨૦૨૨ના પત્ર નં. DNICA/W-2/480/2021-2022થી નીચેના અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;

**શ્રી ડી.એન. ઇન્સ્ટિટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકિશન, આણંદ**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Dr. Mona Govind Dave<br>(Dr. Mona Yogeshkumar Joshi)<br>બી.કોમ. એપ્રિલ-૧૯૯૯ ૫૭.૭૦%<br>પી.જી.ડી.સી.એ. એપ્રિલ-૨૦૦૦ ૬૯.૫૦%<br>એમ.સી.એ. એપ્રિલ-૨૦૧૦ ૬૬%<br>**પીએચ.ડી. (કોમ્પ્યુટર સાયન્સ) ઓગષ્ટ-૨૦૨૧**<br>**શૈક્ષણિક અનુભવ :**૪ વર્ષ ૮ માસ અધ્યાપક સહાયક | Assistant Professor | લાયકાત ધરાવે છે. |

| | | | |
|---|---|---|---|
| ૨. | Dr. Swetaben Vinaykumar Parmar<br>બી.સી.એ. એપ્રિલ-૨૦૦૩ ૬૨%<br>એમ.સી.એ. જૂન-૨૦૦૬ ૫૭.૭૦%<br>**પીએચ.ડી. (કોમ્પ્યુટર સાયન્સ) જાન્યુઆરી-૨૦૨૧**<br>**શૈક્ષણિક અનુભવઃ**૧૩ વર્ષ વ્યાખ્યાતા | Assistant Professor | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197ની જોગવાઇ મુજબ શ્રી ડી.એન. ઈન્સ્ટિટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકિશન, આણંદમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ થી ૨ની કરેલ અધ્યાપકોની નિમણૂંકને માન્યતા આપવી.**

૮. યુનિવસીર્ટીના અનુસ્નાતક ગૃહ વિભાગમા પ્રોફેસર (સીએએસ) તરીકે ફરજ બજાવતા ડૉ.વિનાયક એચ.પટેલએ તેઓના તારીખઃ૧૦/૦૩/૨૦૨૨ના પત્ર નંબરઃHSc/2021-22/283 થી તેઓએ યુ.એસ.એ સ્થીત તેમના પુત્ર (જૈમીન વિનાયક પટેલ)ને મળવા માટે તારીખઃ૧-૫-૨૦૨૨ થી તારીખઃ૩૦-૭-૨૦૨૨ સુધી(ઉનાળુ વેકેશન તાઃ૦૧-૦૫-૨૦૨૨ થી તારીખઃ૧૪-૦૬-૨૦૨૨ જોડીને) એટલે કે તાઃ૧૫-૦૬-૨૦૨૨ થી તાઃ૩૦-૦૭-૨૦૨૨ સુધીની ૪૬ દિવસની અર્ન્ડ લીવ રજાઓ મંજુર કરવા કરેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(નોધઃ** ડૉ.પટેલ આ યુનિવર્સિટીમાં તારીખઃ૨૨-૦૪-૨૦૦૪ થી જોડાયા છે અને હાલ પ્રોફેસર (સીએએસ)તરીકે પે બેન્ડ રૂા.૧,૪૪,૨૦૦-૨,૧૮,૨૦૦/-માં મૂળ માસિક પે બેન્ડ રૂા.૨,૧૮,૨૦૦/-મેળવે છે અને આ યુનિવર્સિટીના કાયમી કર્મચારી છે.

વધુમાં યુનિવર્સિટીના કર્મચારીઓને **"LEAVE ON PERSONAL AFFAIRS"** ઉપર પરદેશ જવા માટે વહીવટી કર્મચારીઓને ફકત ૩ માસ અને શૈક્ષણિક કર્મચારીઓને ૬૦ દિવસની રજા (Combined Leave i.e. Earned Leave, + Half Pay Leave + Leavc without Pay etc.)Excluding Vacation મંજૂર કરવા તારીખઃ૦૪/૧૧-૦૭-૨૦૦૮ના રોજ મળેલ સિન્ડિકેટ બાબત ક્રમાંકઃ૧૫થી ઠરાવેલ છે તેમજ તારીખઃ ૧૯/૦૯/૨૦૦૯ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના ઠરાવ અંકઃ૨૫થી તારીખઃ૦૪/૧૧-૦૭-૨૦૦૮ના રોજ મળેલ સિન્ડિકેટે **"Leave on Personal Affairs"** બાબતે કરેલ ઠરાવને યથાવત રાખેલ છે.પરંતુ વધારાની રજા મંજુર કરવા કર્મચારીઓ માંગણી કરે તો વ્યકિતગત કેસની વાસ્તવિકતા (Genuineness)ને ધ્યાને લઇ રજા મંજૂર કરવાની સત્તા સિન્ડિકેટની રહેશે તેમ ઠરાવેલ છે.
યુનિવર્સિટીના કર્મચારી લાંબી રજાની પરવાનગી મેળવી પરદેશ જતા હોય ત્યારે રજાઓ પૂરી થયા બાદ તેઓ પોતાની ફરજ ઉપર અચૂક હાજર થશે અને જો તેમ કરવામાં ચુકશે તો તેમને નોકરીમાંથી છુટા કરવા અંગે યુનિવર્સિટી જે નિર્ણય લે તે તેમને બંધનકર્તા રહેશે તેવું રૂા.૧૦૦/-નો નોટરી કરાવેલ બોન્ડ લેવાની પ્રથા અમલમાં છે.)

ઉકત ડૉ.પટેલ ૨૦૨૨-૨૦૨૩ના હિસાબી વર્ષમા વિદેશ જવાની પરવાનગી મેળવવા પાત્રતા ધરાવે છે.

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવસીર્ટીના અનુસ્નાતક ગૃહ વિભાગમા પ્રોફેસર (સીએએસ) તરીકે ફરજ બજાવતા ડૉ.વિનાયક એચ.પટેલએ તેઓના તારીખઃ૧૦/૦૩/૨૦૨૨ના પત્ર નંબરઃHSc/2021-22/283 થી તેઓએ યુ.એસ.એ સ્થીત તેમના પુત્ર (જૈમીન વિનાયક પટેલ)ને મળવા માટે તારીખઃ૧-૫-૨૦૨૨ થી તારીખઃ૩૦-૭-૨૦૨૨ સુધી(ઉનાળુ વેકેશન તાઃ૦૧-૦૫-૨૦૨૨ થી તારીખઃ૧૪-૦૬-૨૦૨૨ જોડીને) એટલે કે તાઃ૧૫-૦૬-૨૦૨૨ થી તાઃ૩૦-૦૭-૨૦૨૨ સુધીની ૪૬ દિવસની અર્ન્ડ લીવ રજાઓ મંજુર કરવા કરેલ અરજી ગ્રાહ્ય રાખવી અને તેમની પાસેથી નિયમાનુસાર બોન્ડ લેવુ.**

૯. યુનિવર્સીટીના એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં આસિસ્ટન્ટ પ્રોફેસર (એસ.જી.) તરીકે ફરજ બજાવતા ડૉ.અલકાબેન જે.મેકવાને તેઓના તારીખઃ૧૬-૩-૨૦૨૨ના પત્ર નંબરઃએમબીપીસીઇ/૨૦૨૨/૪૯૫થી યુ.એસ.એ.અને કેનેડાના પ્રવાસે જવા તારીખઃ૦૩/૦૫/૨૦૨૨ થી તારીખઃ૧૪/૦૬/ ૨૦૨૨ સુધી (ઉનાળુ વેકેશન દરમ્યાન)ની રજાઓ મંજુર કરવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

**(નોંધઃ** ડૉ. મેકવાન આ યુનિવર્સિટીમાં તારીખઃ૨૬/૦૮/૨૦૦૫ થી જોડાયા છે અને હાલ આસિસ્ટન્ટ પ્રોફેસર (એસ.જી.) તરીકે પે બેન્ડ રૂા.૭૯,૮૦૦=૦૦-૨,૧૧,૫૦૦=૦૦/-માં મૂળ માસિક પે બેન્ડ રૂા.૯૮,૨૦૦= ૦૦/- મેળવે છે અને યુનિવર્સિટીના કાયમી કર્મચારી છે.

ડૉ. મેકવાન ઉનાળુ વેકેશન દરમ્યાન યુ.એસ.એ.અને કેનેડા જવાના હોવાથી તેઓની રજાઓ દરમ્યાન શૈક્ષણિક કામકાજની વૈકલ્પીક વ્યવસ્થા કરવાની રહેતી નથી.ડૉ.મેકવાનના ખાતામા ૯૦ દિવસની અર્ન્ડલીવ તથા ૨૩૧ દિવસની અર્ધ પગારી રજાઓ જમા છે.

આ અગાઉ ડૉ.મેકવાન મલેશીયાના વિદેશ પ્રવાસે તારીખઃ૨૨/૦૪/૨૦૧૧થી તારીખઃ૨૪/૦૪ /૨૦૧૧ ૩ દિવસની અર્ન્ડલીવ અને (ઉનાળુ વેકેશન તારીખઃ૨૫/૦૪/૨૦૧૧ થી તારીખઃ૧૮/૦૬ /૨૦૧૧ તથા તારીખઃ૧૯/૦૬/૨૦૧૧ રવિવારની રજા જોડીને) ગયેલ છે તથા યુ.એસ.એ.ઉનાળુ વેકેશન દરમ્યાન તારીખઃ૨૬/૦૪/૨૦૧૬થી તારીખઃ૧૨/૦૬/૨૦૧૬ સુધીની ૪૮ દિવસની રજાઓ મંજુર કરાવીને ગયા હતા તથા જર્મની અને સ્વીત્ઝલેન્ડ ઉનાળુ વેકેશન દરમ્યાન તારીખઃ૦૨/૦૫/૨૦૧૭ થી તારીખઃ૦૧/૦૬/૨૦૧૭ સુધીની ૩૧ દિવસની રજાઓ મંજુર કરાવીને ગયા હતા તથા યુ.એસ.એ. અને કેનેડાના પ્રવાસે જવા તારીખઃ૦૧/૦૫/૨૦૧૮ થી તારીખઃ૩૦/૦૬/૨૦૧૮ સુધીની (ઉનાળુ વેકેશન તાઃ૨૩-૦૪-૨૦૧૮ થી તારીખઃ૦૯-૦૬-૨૦૧૮ જોડીને) એટલે કે તાઃ૧૦-૦૬-૨૦૧૮ થી તાઃ૩૦-૦૬-૨૦૧૮ સુધિની કુલ ૨૦ દિવસની અર્ન્ડલીવ રજાઓ મંજુર કરાવીને ગયા હતા તથા યુ.એસ.એ. જર્મની અને સ્વીટ્ઝર્લેન્ડના પ્રવાસે જવા તારીખઃ૦૧/૦૫/૨૦૧૯ થી તારીખઃ૨૯/૦૬/ ૨૦૧૯ સુધીની (ઉનાળુ વેકેશન તાઃ૨૨-૦૪-૨૦૧૯ થી તારીખઃ૦૯-૦૬-૨૦૧૯ જોડીને) એટલે કે તાઃ૧૦-૦૬-૨૦૧૯ થી તાઃ૨૯-૦૬-૨૦૧૯ સુધીની કુલ ૨૦ દિવસની અર્ન્ડલીવ રજાઓ મંજુર કરાવીને ગયા હતા અને પુનઃફરજ પર હાજર થઇ ગયેલ છે.

વધુમાં યુનિવર્સિટીના કર્મચારીઓને **"LEAVE ON PERSONAL AFFAIRS"** ઉપર પરદેશ જવા માટે વહીવટી કર્મચારીઓને ફકત ૩ માસ અને શૈક્ષણિક કર્મચારીઓને ૬૦ દિવસની રજા (Combined Leave i.e. Earned Leave, + Half Pay Leave + Leavc without Pay etc.)Excluding Vacation મંજૂર કરવા તારીખઃ૦૪/૧૧-૦૭-૨૦૦૮ના રોજ મળેલ સિન્ડિકેટ બાબત ક્રમાંકઃ૧૫થી ઠરાવેલ છે તેમજ તારીખઃ ૧૯/૦૯/૨૦૦૯ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના ઠરાવ અંકઃ૨૫થી તારીખઃ૦૪/૧૧-૦૭-૨૦૦૮ના રોજ મળેલ સિન્ડિકેટે **"Leave on Personal Affairs"** બાબતે કરેલ ઠરાવને યથાવત રાખેલ છે.પરંતુ વધારાની રજા મંજુર કરવા કર્મચારીઓ માંગણી કરે તો વ્યકિતગત કેસની વાસ્તવિકતા (Genuineness)ને ધ્યાને લઇ રજા મંજૂર કરવાની સત્તા સિન્ડિકેટની રહેશે.તેમ ઠરાવેલ છે.

યુનિવર્સિટીના કર્મચારી લાંબી રજાની પરવાનગી મેળવી પરદેશ જતા હોય ત્યારે રજાઓ પૂરી થયા બાદ તેઓ પોતાની ફરજ ઉપર અચૂક હાજર થશે અને જો તેમ કરવામાં ચુકશે તો તેમને નોકરીમાંથી છુટા કરવા અંગે યુનિવર્સિટી જે નિર્ણય લે તે તેમને બંધનકર્તા રહેશે તેવું રાજીનામા પત્ર સાથે રૂા.૧૦૦/-નો નોટરી કરાવેલ બોન્ડ લેવાની પ્રથા અમલમાં છે.)

ડાૅ.મેકવાન ૨૦૨૨-૨૦૨૩ના હિસાબી વર્ષમા વિદેશ જવાની પરવાનગી મેળવવા પાત્રતા ધરાવે છે.

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવસીર્ટીના એમ. બી. પટેલ કોલેજ ઓફ એજયુકેશનમાં આસિસ્ટન્ટ પ્રોફેસર (એસ.જી.) તરીકે ફરજ બજાવતા ડૉ.અલકાબેન જે.મેકવાને તેઓના તારીખઃ૧૬-૩-૨૦૨૨ના પત્ર નંબરઃએમબીપીસીઇ/૨૦૨૨/૪૯૫થી યુ.એસ.એ.અને કેનેડાના પ્રવાસે જવા તારીખઃ૦૩/૦૫/૨૦૨૨ થી તારીખઃ૧૪/૦૬/૨૦૨૨ સુધી (ઉનાળુ વેકેશન**

**દરમ્યાન)ની રજાઓ મંજુર કરવા કરેલ વિનંતી ગ્રાહ્ય રાખવી અને તેમની પાસેથી નિયમાનુસાર બોન્ડ લેવુ.**

**૧૦.** યુનિવસીર્ટીના અનુસ્નાતક બાયોસાયન્સ વિભાગમાં પ્રોફેસર (સીએએસ) તરીકે ફરજ બજાવતા ડૉ.કમલશેકુમાર ચંદુભાઈ પટેલ એ તેઓના તારીખઃ૧૫/૦૩/૨૦૨૨ના પત્ર નંબરઃપીજીબી/કેસીપી/૩૪૭થી તેમના પુત્રના લગ્ન માટે યુ.એસ.એ.જવા તારીખઃ૦૧/૦૬/૨૦૨૨ થી તારીખઃ૩૦/૦૭/૨૦૨૨ સુધી (ઉનાળુ વેકેશનની તાઃ૦૧-૦૬-૨૦૨૨ થી તારીખઃ૧૪-૦૬-૨૦૨૨ની રજાઓ જોડીને) એટલે કે તાઃ૧૫-૦૬-૨૦૨૨ થી તાઃ૩૦-૦૭-૨૦૨૨ સુધીની **૪૬ દિવસની અર્ન્ડ લીવ રજાઓ** મંજુર કરવા વિભાગના વડાશ્રી મારફતેથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

**(નોધઃ** ડૉ. પટેલ આ યુનિવર્સિટીમાં તારીખઃ૦૧/૧૦/૧૯૮૮ થી જોડાયા છે અને હાલ પ્રોફેસર (સીએએસ) તરીકે પે બેન્ડ રૂા.૧,૪૪,૨૦૦=૦૦-૨,૧૮,૨૦૦=૦૦/-માં મૂળ માસિક પે બેન્ડ રૂા.૨,૧૮,૨૦૦=૦૦/ - મેળવે છે અને યુનિવર્સિટીના કાયમી કર્મચારી છે.

ડૉ.પટેલ ઉનાળુ વેકેશન દરમ્યાન યુ.એસ.એ.જવાના હોવાથી તેઓની રજાઓ દરમ્યાન શૈક્ષણિક કામકાજની વૈકલ્પીક વ્યવસ્થા કરવાની રહેતી નથી.ડૉ.પટેલ તાઃ૦૧-૮-૨૦૨૨ના રોજ ફરજ પર હાજર થશે.

આ અગાઉ ડૉ.પટેલ યુ.એસ.એ રીસર્ચ વર્કના પ્રેજન્ટેશનના કામ માટે વિદેશ પ્રવાસે તારીખઃ૨૧/૦૬/૨૦૦૪ થી તારીખઃ૦૩-૦૭-૨૦૦૪ ૧૩ દિવસની અર્ન્ડલીવ ઉનાળુ વેકેશન જોડીને તથા તારીખઃ૦૨/૦૫/૨૦૧૬ થી તારીખઃ૧૧/૦૬/૨૦૧૬ સુધી યુ.એસ.એ.ઉનાળુ વેકેશન દરમ્યાન રજાઓ મંજુર કરાવીને ગયા હતા અને પુનઃ ફરજ પર હાજર થયેલ છે.

ડૉ.પટેલના ખાતામા ૩૫૧ દિવસની અર્ન્ડ લીવ તથા ૬૬૫ દિવસની અર્ધ પગારી રજાઓ જમા છે.

વધુમાં યુનિવર્સિટીના કર્મચારીઓને **"LEAVE ON PERSONAL AFFAIRS"** ઉપર પરદેશ જવા માટે વહીવટી કર્મચારીઓને ફકત ૩ માસ અને શૈક્ષણિક કર્મચારીઓને ૬૦ દિવસની રજા (Combined Leave i.e. Earned Leave, + Half Pay Leave + Leavc without Pay etc.) Excluding Vacation મંજૂર કરવા તારીખઃ૦૪/૧૧-૦૭-૨૦૦૮ના રોજ મળેલ સિન્ડિકેટ બાબત ક્રમાંકઃ૧૫થી ઠરાવેલ છે તેમજ તારીખઃ૧૯/૦૯/૨૦૦૯ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના ઠરાવ અંકઃ૨૫થી તારીખઃ૦૪/૧૧-૦૭-૨૦૦૮ના રોજ મળેલ સિન્ડિકેટે **"Leave on Personal Affairs"** બાબતે કરેલ ઠરાવને યથાવત રાખેલ છે.પરંતુ વધારાની રજા મંજુર કરવા કર્મચારીઓ માંગણી કરે તો વ્યકિતગત કેસની વાસ્તવિકતા (Genuineness)ને ધ્યાને લઇ રજા મંજૂર કરવાની સત્તા સિન્ડિકેટની રહેશે.તેમ ઠરાવેલ છે.

યુનિવર્સિટીના કર્મચારી લાંબી રજાની પરવાનગી મેળવી પરદેશ જતા હોય ત્યારે રજાઓ પૂરી થયા બાદ તેઓ પોતાની ફરજ ઉપર અચૂક હાજર થશે અને જો તેમ કરવામાં ચુકશે તો તેમને નોકરીમાંથી છુટા કરવા અંગે યુનિવર્સિટી જે નિર્ણય લે તે તેમને બંધનકર્તા રહેશે તેવું રાજીનામા પત્ર સાથે રૂા.૧૦૦/-નો નોટરી કરાવેલ બોન્ડ લેવાની પ્રથા અમલમાં છે.)

ઉક્ત ડૉ.પટેલ ૨૦૨૨-૨૦૨૩ના હિસાબી વર્ષમા વિદેશ જવાની પરવાનગી મેળવવા પાત્રતા ધરાવે છે.

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવસીર્ટીના અનુસ્નાતક બાયોસાયન્સ વિભાગમાં પ્રોફેસર (સીએએસ) તરીકે ફરજ બજાવતા ડૉ.કમલશેકુમાર ચંદુભાઈ પટેલ એ તેઓના તારીખઃ૧૫/૦૩/૨૦૨૨ના પત્ર નંબરઃપીજીબી/કેસીપી/૩૪૭થી તેમના પુત્રના લગ્નમા માટે યુ.એસ.એ.જવા તારીખઃ૦૧/૦૬/૨૦૨૨ થી તારીખઃ૩૦/૦૭/૨૦૨૨ સુધી (ઉનાળુ વેકેશનની તાઃ૦૧-૦૬-૨૦૨૨ થી તારીખઃ૧૪-૦૬-૨૦૨૨ની રજાઓ જોડીને) એટલે કે**

**તાઃ૧૫-૦૬-૨૦૨૨ થી તાઃ૩૦-૦૭-૨૦૨૨ સુધીની ૪૬ દિવસની અર્ન્ડ લીવ રજાઓ મંજુર કરવા વિભાગના વડાશ્રી મારફતેથી કરેલ વિનંતી ગ્રાહ્ય રાખવી અને તેમની પાસેથી નિયમાનુસાર બોન્ડ લેવુ.**

**(જનરલ વિભાગ)**

૧૧. ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ડિર્પાટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી(ડીએસટી) ન્યુ દિલ્હીએ તેમના તારીખઃ૨૦-૦૫-૨૦૨૦ના પત્ર ક્રમાંકઃએસપી/વાયઓ/ ૨૦૧૯/૧૦૭૧/જીથી અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગના ડૉ. પિન્કેશ જી. સુતરીયાનો સંસોધન પ્રોજેક્ટ "Hybrid Calix(4) Arena fluorescence paper based device for recognition and determination of pesticides"ત્રણ વર્ષ માટે મંજૂર કરી આર્વતક અને અનાવર્તક ખર્ચ પેંટે રૂ.૪૮,૪૪,૮૮૦/- નું અનુદાન મંજુર કરેલ છે. તેની નોંધ લેવા બાબત.

(નોંધઃ ડૉ. પિન્કેશ સુતરીયા, આસીસ્ટન્ટ પ્રોફેસર, અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગના તેઓનો ચાલતો સંસોધન પ્રોજેક્ટ અગાઉમાં Bhartiya Vidya Bhavan's Shri Ishvarlal L. P. Arts-Sc & J. Shah Comm. College- Dakor ખાતે હતા અને તેઓ અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગમાં આસીસ્ટન્ટ પ્રોફસર તરીકે જોડાયા. તેમનો અધ-વચ્ચેથી ચાલતો સંશોધન પ્રોઝેક્ટ યુનિવર્સિટીમાં ચલાવવા માટેની અનુદાનની વિગતો નીચે પ્રમાણે છે.

| **વિગત** | **મંજૂર કરેલ અનુદાન ત્રણ વર્ષ માટે** |
|---|---|
| 1. Equipment | 25,00,000/- |
| 2. Manpower (JRF1 @31000) | 11,16,000/- |
| 3. Consumable | 6,00,000/- |
| 4.Travel | 1,20,000/- |
| 5.Contingency | 1,50,000/- |
| 6.Overhead 8% | 3,58,000/- |
| **Total Ammount : 48,44,880/-** | |

હાલમાં યુનિવર્સિટીમાં રસીદ નંઃ૦૪૯૩૮૪ તારીખઃ૧૮-૦૨-૨૦૨૨, રૂ.૨,૫૯,૫૧૧=૦૦ અને રસીદ નંઃ૦૪૯૮૨૭ તારીખઃ૨૫-૦૨-૨૦૨૨ રૂ.૧૦,૩૩,૭૨૯=૦૦ એમ કુલ રૂ.૧૨,૯૩,૨૪૦ =૦૦ રકમ જમા થયેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ડિર્પાટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી(ડીએસટી) ન્યુ દિલ્હીએ તેમના તારીખઃ૨૦-૦૫-૨૦૨૦ના પત્ર ક્રમાંકઃએસપી/વાયઓ/ ૨૦૧૯/૧૦૭૧/જીથી અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગના ડૉ. પિન્કેશ જી. સુતરીયાનો સંસોધન પ્રોજેક્ટ "Hybrid Calix(4) Arena fluorescence paper based device for recognition and determination of pesticides"ત્રણ વર્ષ માટે મંજૂર કરી આર્વતક અને અનાવર્તક ખર્ચ પેંટે રૂ.૪૮,૪૪,૮૮૦/- નું અનુદાન મંજુર કરેલ છે, જેની નોંધ લીધી અને સંબંધકર્તાને આભાર પત્ર પાઠવવો.**

૧૨. ઈન્ડીયન કાઉન્સીલ ઓફ હિસ્ટોરીકલ રીસર્ચ(ICHR) ન્યુ દિલ્હી દ્વારા ડૉ. રાજેશ્વરી વી. પટેલ, આસીસ્ટન્ટ પ્રોફેસર, અનુસ્નાતક ગુજરાતી વિભાગને સંશોધન પ્રોજેક્ટ "Ancient and medieval Indian History as revealed in Bollywood Hindi Films" બે વર્ષ માટે તારીખઃ૦૧-૦૨-૨૦૨૨ થી તારીખઃ૩૧-૦૧-૨૦૨૪ સુધી આર્વતક અને અનાવર્તકના ખર્ચ માટે કુલ રૂ.૩,૭૫,૦૦૦/-નું અનુદાન મંજૂર થયેલ છે. જેની નોંધ લેવા બાબત.

(નોંધઃ ડૉ. રાજેશ્વરી વી. પટેલ, આસીસ્ટન્ટ પ્રોફેસર, અનુસ્નાતક ગુજરાતી વિભાગની દરખાસ્ત યુનિવર્સિટી દ્વારા મોકલવામાં આવી હતી, તે (ICHR-New Delhi) ના પત્ર ક્રમાંકઃf-1-15/2019-ICHR(GIA-III)RP તાઃ૧૮-૦૧-૨૦૨૨થી નીચે મુજબનું અનુદાન મંજૂર કરેલ છે.

| | |
|---|---|
| ૧. પ્રથમ હપ્તો | રૂ.૮૯,૦૬૩/- |
| ૨.બીજો હપ્તો | રૂ.૮૯,૦૬૩/- |
| ૩. ત્રીજો હપ્તો | રૂ.૮૯,૦૬૨/- |
| ૪. ચોથો હપ્તો | રૂ.૮૯,૦૬૨/- |
| ૫. Final Installment being 5% withheld amount | રૂ.૧૮,૭૫૦/- |
| **કુલ રકમ** | **રૂ.૩,૭૫,૦૦૦/-** |

હાલમાં પ્રથમ હપ્તા પેંટેની રકમ રસીદ નંઃ૦૧૩૬૯ તારીખઃ૧૧-૦૩-૨૦૨૨થી યુનિવર્સિટીમાં જમા થયેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે ઈન્ડીયન કાઉન્સીલ ઓફ હિસ્ટોરીકલ રીસર્ચ(ICAR) ન્યુ દિલ્હી દ્વારા ડૉ. રાજેશ્વરી વી. પટેલ, આસીસ્ટન્ટ પ્રોફેસર, અનુસ્નાતક ગુજરાતી વિભાગને સંશોધન પ્રોજેક્ટ "Ancient and medieval Indian History as revealed in Bollywood Hindi Films" બે વર્ષ માટે તારીખઃ૦૧-૦૨-૨૦૨૨ થી તારીખઃ૩૧-૦૧-૨૦૨૪ સુધી આર્વતક અને અનાવર્તકના ખર્ચ માટે કુલ રૂ.૩,૭૫,૦૦૦/-નું અનુદાન મંજૂર થયેલ છે. જેની નોંધ લીધી તથા સંબંધકર્તાને આભાર પત્ર પાઠવવો.**

(**હિસાબ વિભાગ**)

૧૩. તારીખઃ૨૨/૦૩/૨૦૨૨ને મંગળવારના રોજ મળેલ ફાઈનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ કમિટીએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩ પૃઃકાર્યનોંધ)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૨૨/૦૩/૨૦૨૨ને મંગળવારના રોજ મળેલ ફાઈનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ કમિટીએ કરેલ ભલામણો મંજૂર કરવામાં આવી.**

## (એકેડેમિક વિભાગ)

૧૪. આઈ.ટી.આઈ. (બે વર્ષ અથવા બે વર્ષથી વધુ) અને ડિપ્લોમા (પોલિટેકનીક) પાસ કરેલ વિદ્યાર્થીઓને બી.એ./બી.કોમ. (સેમ.-૧) માં પ્રવેશ માધ્યમિક શિક્ષણ બૉર્ડ તરફથી કોર્સ ઈક્વીવેલેન્સ સર્ટિફીકેટ રજૂ કર્યેથી શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૨-૨૩થી પ્રવેશ આપવા અંગે વિચારણા કરવા બાબત... (બિડાણઃ૪ )

(નોંધઃ (૧) તા.૧૩/૭/૨૦૧૧ના રોજ મળેલ સિન્ડીકેટની સભાએ ઠરાવ ક્રમાંકઃ ૧૭થી ઠરાવ્યા અનુસાર કૌશલ્ય તાલીમને મુખ્ય શિક્ષણ ધારા સાથે જોડાણ અંગેની નિતી સંદર્ભે ધોરણ ૧૦ પછી આઈ.ટી.આઈ. અને ડિપ્લોમા પાસ કરેલ વિદ્યાર્થીઓને ડિગ્રી કોર્સમાં પ્રવેશ બાબતે યુનિવર્સિટીનાં IQAC cell દ્વારા B.Sc. (A Group), BBA તથા BCA ના અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવાનું નક્કી કરવામાં આવેલ.

(૨) સદર બાબતમાં યુનિવર્સિટીના તા.૨૬/૪/૨૦૧૨ના પત્ર ક્રમાંકઃ ડી/બી/એ.કા./ ૬૪૩ના પત્રથી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં આઈ.ટી.આઈ. બે વર્ષ અથવા બે વર્ષથી વધુ) અને ડિપ્લોમા (પોલિટેકનીક) પાસ કરેલ વિદ્યાર્થીઓને બી.એસસી. (A Group) (સેમ.-૧), બી.બી.એ. (સેમ.-૧) અને બી.સી.એ. (સેમ.-૧)માં પ્રવેશ આપવામાં આવે છે.

(૩) યુનિવર્સિટી દ્વારા થતા સેન્ટ્રલાઈઝ્ડ પ્રવેશ પ્રક્રિયાના છેલ્લા પાંચ વર્ષના અનુભવને આધારે જાણવા મળેલ છે કે, આઈ.ટી.આઈ. (બે વર્ષ અથવા બે વર્ષથી વધુ) અને ડિપ્લોમા (પોલિટેકનીક) પાસ કરેલ વિદ્યાર્થીઓને બી.એ./બી.કોમ. (સેમ.-૧) માં પ્રવેશ મેળવવામાં વધુ રસ ધરાવે છે. )

**આથી ઠરાવવામાં આવે છે કે આઈ.ટી.આઈ. (બે વર્ષ અથવા બે વર્ષથી વધુ) અને ડિપ્લોમા (પોલિટેકનીક) પાસ કરેલ વિદ્યાર્થીઓને બી.એ./બી.કોમ. (સેમ.-૧) માં પ્રવેશ માધ્યમિક શિક્ષણ બૉર્ડ તરફથી કોર્સ ઈક્વીવેલેન્સ સર્ટિફીકેટ રજૂ કર્યેથી શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૨-૨૩થી પ્રવેશ આપવાની પ્રક્રિયા કરવી.**

૧૫. કા.આચાર્યશ્રી, શ્રીમતી મિનાક્ષીબેન દિલીપકુમાર પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ ફીજીકલ સાયન્સ એન્ડ રીસર્ચ, આણંદના તારીખઃ ૧૫/૩/૨૦૨૨ના પત્રથી નીચેના અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;

**શ્રીમતી મિનાક્ષીબેન દિલીપકુમાર પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ ફીજીકલ સાયન્સ એન્ડ રીસર્ચ, આણંદ**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Dr. Anu Duni Chand Sharma<br>બી.એસસી. (કેમેસ્ટ્રી) એપ્રિલ-૧૯૯૪ ૫૯%<br>એમ.એસસી. (કેમેસ્ટ્રી) મે-૧૯૯૬ ૬૦%<br>**પીએચ.ડી. (કેમેસ્ટ્રી) જુલાઈ-૨૦૦૨**<br>**શૈક્ષણિક અનુભવ :**૧ વર્ષ ફેકલ્ટી મેમ્બર ઇન કેમેસ્ટ્રી<br>૪ વર્ષ ૭ માસ હેડ ઓફ ડિપાર્ટમેન્ટ<br>૧ વર્ષ ૧૦ માસ આસી.પ્રોફેસર | Assistant Professor | લાયકાત ધરાવે છે. |
| ૨. | Dr. Vaishali H. Atodariya<br>(Dr. Vaishaliben Amarsinh Achesariya)<br>બી.એસસી. (મેથેમેસ્ટીકસ) એપ્રિલ-૨૦૦3 ૪૭%<br>એમ.એસસી. (મેથેમેસ્ટીકસ) માર્ચ-૨૦૧૪ ૬૪%<br>**પીએચ.ડી. (મેથેમેસ્ટીકસ) જાન્યુ.-૨૦૨૨** | Assistant Professor | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197ની જોગવાઇ મુજબ શ્રીમતી મિનાક્ષીબેન દિલીપકુમાર પટેલ ઇન્સ્ટિટયુટ ઓફ ફીજીકલ સાયન્સ એન્ડ રીસર્ચ, આણંદ માં ઉપરોકત ક્રમાંકઃ ૧ થી ૨ ની કરેલ અધ્યાપકની નિમણૂંકને માન્યતા આપવી.**

૧૬. કા.આચાર્યશ્રી, શ્રી પી.એમ. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ટેકનોલોજી, આણંદના તારીખઃ ૧૫/૩/૨૦૨૨ના પત્રથી નીચેના અધ્યાપકની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;

**શ્રી પી.એમ. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ટેકનોલોજી, આણંદ**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Dr. Hirenkumar Kiritsinh Thakor<br>બી.એસસી. (કેમેસ્ટ્રી) માર્ચ-૧૯૯૯ ૪૭%<br>ડીપ્લોમાં ઇન કોમ્પ્યુટર સાયન્સ, એપ્રિલ-૨૦૦૦ ૪૯%<br>એમ.સી.એ. ડીસે.-૨૦૦૫ ૫૭.૯૦%<br>**પીએચ.ડી. (કોમ્પ્યુટર એપ્લીકિશન) માર્ચ-૨૦૧૬** | Assistant Professor | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197ની જોગવાઇ મુજબ શ્રી પી.એમ. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ટેકનોલોજી, આણંદમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ની કરેલ અધ્યાપકની નિમણૂંકને માન્યતા આપવી.**

૧૭. કા.આચાર્યશ્રી, શ્રી પી.એમ. પટેલ કોલેજ ઇન્સ્ટિટયુટ ઓફ ઇન્ટીગ્રેટેડ એમ.એસસી. ઇન બાયોટેકનોલોજી, આણંદના તારીખઃ ૧૫/૩/૨૦૨૨ના પત્રથી નીચેના અધ્યાપકની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;

**શ્રી પી.એમ. પટેલ કોલેજ ઇન્સ્ટિટયુટ ઓફ ઇન્ટીગ્રેટેડ એમ.એસસી. ઇન બાયોટેકનોલોજી, આણંદ**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Dr. Chandni Trushit Upadhyaya<br>(Dr. Chandni Rajeshkumar Mehta)<br>બી.એસસી. (બાયોટેકનોલોજી) એપ્રિલ-૨૦૦૮ ૫૬.૫૦%<br>એમ.એસસી. (બાયોટેકનોલોજી) એપ્રિલ-૨૦૧૦ ૫૮%<br>**પીએચ.ડી. (બાયોટેકનોલોજી) એપ્રિલ-૨૦૧૬** | Assistant Professor | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197ની જોગવાઇ મુજબ શ્રી પી.એમ. પટેલ કોલેજ ઇન્સ્ટિટયુટ ઓફ ઇન્ટીગ્રેટેડ એમ.એસસી. ઇન બાયોટેકનોલોજી, આણંદમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ની કરેલ અધ્યાપકની નિમણૂંકને માન્યતા આપવી.**

૧૮. કા.આચાર્યશ્રી, શ્રી આઇ.જે. પટેલ એમ.એડ્. કોલેજ, મોગરીના તારીખઃ ૨૨/૩/૨૦૨૨ના પત્ર નં. ૧૦૮/૨૦૨૧-૨૨થી નીચેના અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;

**શ્રી આઇ.જે. પટેલ એમ.એડ્. કોલેજ, મોગરી**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Dr. Pinkyben Narendrabhai Patel<br>બી.એ. (સાયકોલોજી) એપ્રિલ-૨૦૦૯ ૫૯%<br>એમ.એ. (સાયકોલોજી) એપ્રિલ-૨૦૧૧ ૫૭%<br>બી.એડ્. એપ્રિલ-૨૦૧૨ ૮૮.૭૫%<br>એમ.એડ્. એપ્રિલ-૨૦૧૨ ૬૭.૮૦%<br>એમ.ફીલ. (એજ્યુકેશન) એપ્રિલ-૨૦૧૫ ૭૫%<br>**પીએચ.ડી. (એજ્યુકેશન) ફેબ્રુઆરી-૨૦૨૧**<br>**શૈક્ષણિક અનુભવઃ**૮ વર્ષ ૪ માસ આસી.પ્રોફેસર (બી.એડ્. કોલેજ) | Assistant Professor in M.Ed. | લાયકાત ધરાવે છે. |
| ૨. | Rakeshkumar Ganeshbhai Shripateliya (SC)<br>બી.કોમ. એપ્રિલ-૨૦૧૨ ૫૩.૭૦%<br>એમ.કોમ. એપ્રિલ-૨૦૧૬ ૫૩% | Assistant Professor in | લાયકાત ધરાવે છે. |

| | | | |
|---|---|---|---|
| | બી.એડ્. એપ્રિલ-૨૦૧૩ ૮૨%<br>એમ.એડ્. મે-૨૦૧૪ ૭૪.૭૦%<br>**જીસેટ (એજ્યુકેશન) નવેમ્બર-૨૦૧૭**<br>**યુજીસી-નેટ (એજ્યુકેશન) જુલાઈ-૨૦૨૦**<br>**શૈક્ષણિક અનુભવઃ**<br>૩ વર્ષ ૬ માસ આસી.પ્રોફેસર (બી.એડ્. કોલેજ) | M.Ed. | |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197ની જોગવાઈ મુજબ શ્રી આઈ.જે. પટેલ એમ.એડ્. કોલેજ, મોગરીમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ થી ૨ ની કરેલ અધ્યાપકની નિમણૂંકને માન્યતા આપવી.**

૧૯. કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃ મકમ-૨/પ્રા.બદલી/૨૦૨૨/૧૬૮૨૯-૧૬૯૦૪ તારીખઃ૨૫/૦૧/૨૦૨૨થી રાજ્યની સરકારી કોલેજોમાં મદદનીશ પ્રાધ્યાપક (વર્ગ-૨) સંવર્ગમાં ફરજ બજાવતાં Dr. Kusumben Mathiasbhai Pardeshiની એમ. એન. કોલેજ, વિસનગરથી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલ, જી.ખેડામાં ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨માં મદદનીશ પ્રાધ્યાપક ગુજરાતી વિષયમાં ફેરબદલી કરેલ છે. અને તેઓ સદર કોલેજમાં તારીખઃ૨૮/૦૧/૨૦૨૨ના રોજ જોડાયા છે. તો તેની નોંધ લેવા આચાર્યશ્રીના તારીખઃ૧૪/૦૩/૨૦૨૨ના પત્ર ક્રમાંકઃ મકમ/૨૦૨૨/૧૮૨થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Dr. Kusumben Mathiasbhai Pardeshi<br>બી.એ. (ગુજરાતી) માર્ચ-૨૦૦૬ ૬૮.૮૦%<br>એમ.એ. (ગુજરાતી) એપ્રિલ-૨૦૦૯ ૬૩%<br>એમ.ફીલ.(ગુજરાતી) એપ્રિલ-૨૦૧૦ ૭૪.૭૦%<br>**પીએચ.ડી. (ગુજરાતી) ઓગષ્ટ-૨૦૧૮**<br>**યુજીસી-નેટ (ગુજરાતી) જૂન-૨૦૦૯** | મદદનીશ પ્રાધ્યાપક (વર્ગ-૨) વિષયઃગુજરાતી | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃ મકમ-૨/પ્રા.બદલી/૨૦૨૨/૧૬૮૨૯-૧૬૯૦૪ તારીખઃ૨૫/૦૧/૨૦૨૨થી રાજ્યની સરકારી કોલેજોમાં મદદનીશ પ્રાધ્યાપક (વર્ગ-૨) સંવર્ગમાં ફરજ બજાવતાં Dr. Kusumben Mathiasbhai Pardeshiની એમ. એન. કોલેજ, વિસનગરથી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલ, જી.ખેડામાં ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨માં મદદનીશ પ્રાધ્યાપક ગુજરાતી વિષયમાં ફેરબદલી કરેલ છે. અને તેઓ**

**સદર કોલેજમાં તારીખઃ૨૮/૦૧/૨૦૨૨ના રોજ જોડાયા છે. તો તેની નોંધ લેવા આચાર્યશ્રીના તારીખઃ૧૪/૦૩/૨૦૨૨ના પત્ર ક્રમાંકઃ મકમ/૨૦૨૨/૧૮૨થી કરેલ વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવી તથા તેમની નિમણુંકને યુનિવર્સિટી તરફથી માન્યતા આપવી.**

૨૦. આચાર્યશ્રી, આણંદ ઇન્સ્ટિટયુટ ઓફ પી.જી.સ્ટડીઝ ઇન આર્ટ્સ, આણંદના તારીખઃ ૨૮/૩/ ૨૦૨૨ના પત્ર નં. ૩૯૫-૩૯૬/AIPS/૨૦૨૧-૨૨થી નીચેના અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;

**<u>આણંદ ઇન્સ્ટિટયુટ ઓફ પી.જી.સ્ટડીઝ ઇન આર્ટ્સ, આણંદ</u>**

| **અ.નં.** | **નામ અને લાયકાત** | **નિમણૂંકનો હોદ્દો** | **શેરો** |
|---|---|---|---|
| ૧. | Dr. Pravinbhai Lalgibhai Vankar (SC)<br>બી.એ. (ગુજરાતી) એપ્રિલ-૨૦૧૨ ૫૯%<br>એમ.એ. (ગુજરાતી) એપ્રિલ-૨૦૧૪ ૬૨%<br>એમ.ફીલ. (ગુજરાતી) એપ્રિલ-૨૦૧૫ ૫૯.૫૦%<br>સીસીસી પાસ ડીસે. ૨૦૧૯<br>**જીસેટ (ગુજરાતી) સપ્ટેમ્બર-૨૦૧૬**<br>**યુજીસી-નેટ (ગુજરાતી) જાન્યુઆરી-૨૦૨૦**<br>**પીએચ.ડી. (ગુજરાતી) જુલાઇ-૨૦૨૧**<br>**શૈક્ષણિક અનુભવઃ**૧૧ માસ આસી.પ્રોફેસર | Assistant Professor in Gujarati | લાયકાત ધરાવે છે. |
| ૨. | Dr. Sangeetaben Ganeshbhai Rohit (SC)<br>બી.એ. (હિન્દી) એપ્રિલ-૨૦૦૯ ૫૭%<br>એમ.એ. (હિન્દી) એપ્રિલ-૨૦૧૧ ૬૦%<br>એમ.ફીલ. (હિન્દી) એપ્રિલ-૨૦૧૩ ૬૬.૭૫%<br>બી.એડ્. એપ્રિલ-૨૦૧૫ ૮૧%<br>**પીએચ.ડી. (હિન્દી) નવે.-૨૦૨૦** | Assistant Professor in Hindi | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197ની જોગવાઇ મુજબ આણંદ ઇન્સ્ટિટયુટ ઓફ પી.જી.સ્ટડીઝ ઇન આર્ટ્સ, આણંદમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ થી ૨ ની કરેલ અધ્યાપકની નિમણૂંકને માન્યતા આપવી.**

૨૧. આચાર્યશ્રી, શ્રી આઇ.જે. પટેલ બી.એડ્. કોલેજ, મોગરીના તારીખઃ ૨૮/૩/૨૦૨૨ના પત્ર નં. ૧૭૪/૨૦૨૧-૨૨થી નીચેના અધ્યાપકની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;

**શ્રી આઇ.જે. પટેલ બી.એડ્. કોલેજ, મોગરી**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Dr. Anu Amarmani Tripathi<br>(Dr. Anu Sudama Pandey)<br>બી.એ. (હિન્દી) માર્ચ-૨૦૦૬ ૫૮.૮૦%<br>એમ.એ. (હિન્દી) એપ્રિલ-૨૦૦૮ ૫૭.૬૦%<br>બી.એડ્. માર્ચ-૨૦૦૯ ૭૬.૯૦%<br>એમ.એડ્. મે-૨૦૧૧ ૬૬%<br>એમ.ફીલ. (હિન્દી) એપ્રિલ-૨૦૧૨ ૬૬.૭૫%<br>**પીએચ.ડી. (હિન્દી) નવે.-૨૦૧૬**<br>**જીસેટ (હિન્દી) સપ્ટે. ૨૦૧૩**<br>**શૈક્ષણિક અનુભવ:**૧ વર્ષ ૧૦ માસ સ્કુલ ટીચર<br>૨ વર્ષ આસી.પ્રોફેસર (બી.એડ્. કોલેજ) | Assistant Professor in Hindi | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197ની જોગવાઇ મુજબ શ્રી આઇ.જે. પટેલ બી.એડ્. કોલેજ, મોગરીમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ની કરેલ અધ્યાપકની નિમણૂંકને માન્યતા આપવી.**

**૨૨.** **અનુસ્નાતક ફાર્માસ્યુટીકલ સાયન્સ વિભાગમાં ચાલતા બી. ફાર્મ (B.Pharm), એમ.ફાર્મ. (M.Pharm)(Pharmaceutical Quality Assurance), અને એમ.ફાર્મ. (M.Pharm) (Pharmaceutics) અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩થી કુલ સીટોમાંથી ગ્રાન્ટ-ઇન-એઇડ્ (GIA) અને સેલ્ફ ફાઇનાન્સ(SF)માં અલગ અલગ સીટો ફાળવી આપવા કરેલ વિનંતી ઉપર ચર્ચા વિચારણા કરવા બાબત.** (બિડાણઃ ૫)

(નોંધઃ ૧) વડાશ્રી અનુસ્નાતક ફાર્માસ્યુટીકલ સાયન્સ વિભાગે તેમના તારીખ : ૨૫/૦૨/૨૦૨૨ના પત્રથી નીચે દર્શાવ્યા પ્રમાણેના અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩થી કુલ સીટોમાંથી ગ્રાન્ટ-ઇન-એઇડ્ (GIA) અને સેલ્ફ ફાઇનાન્સ(SF)માં અલગ અલગ સીટો ફાળવી આપવા વિનંતી કરેલ છે.

| અનુ. | અભ્યાસક્રમ | GIA બેઠકો | SF બેઠકો | કુલ બેઠકો |
|---|---|---|---|---|
| ૧. | બી.ફાર્મ (B. Pharm) | ૩૦ | ૩૦ | ૬૦ |
| ૨. | એમ. ફાર્મ. (M. Pharm) Pharmaceutical Quality Assurance | ૦૯ | ૦૬ | ૧૫ |
| ૩. | એમ. ફાર્મ. (M. Pharm) Pharmaceutics | ૦૬ | ૦૯ | ૧૫ |

૨) All India Council for Technical Educationએ તેમના તા. ૨૫/૦૬/૨૦૨૧ના પત્ર નં. Central/1-9320649891/2021/EOAથી ર્ષ ૨૦૨૧/૨૨ માટે ઉપરોક્ત અભ્યાસક્રમોની મંજૂરી આપવામાં આવી છે.

૩) યુનિવર્સિટીના તા. ૨૧/૧૨/૨૦૨૧ના પત્ર નં. ડી/ઈ/૧૧/૪૯૦૧થી વર્ષ ૨૦૨૨-૨૩ માટે ઉપરોક્ત અભ્યાસક્રમો માટેની ઈન્ટેકની મંજૂરી આપવામાં આવી છે.

૪) ઉપરોક્ત તમામ અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા ACPC દ્વારા કરવામાં આવે છે.

૫) મહેકમ વિભાગના તારીખ : ૧૬/03/૨૦૨૨ના પત્ર નં. ઈી/એકેડેમિક/૭૭૪૪ મુજબ અનુસ્નાતક વિભાગોમાં નિમણુંક કરેલ અધ્યાપકોનો પગાર સરકારશ્રી તરફથી મળતી ગ્રાન્ટમાંથી કરવામાં આવે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક ફાર્માસ્યુટીકલ સાયન્સ વિભાગમાં ચાલતા બી. ફાર્મ (B.Pharm), એમ.ફાર્મ. (M.Pharm)(Pharmaceutical Quality Assurance), અને એમ.ફાર્મ. (M.Pharm) (Pharmaceutics) અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩થી કુલ સીટોમાંથી ગ્રાન્ટ-ઈન-એઈડ્ (GIA) અને સેલ્ફ ફાઈનાન્સ(SF)માં ઉપર મુજબની સીટો ફાળવવી.**

૨૩. અનુસ્નાતક સોશ્યલ વર્ક વિભાગમાં ચાલતા એમ.એસ.ડબલ્યુ. અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩થી કુલ સીટોમાંથી ગ્રાન્ટ-ઈન-એઈડ્ (GIA) અને સેલ્ફ ફાઈનાન્સ (SF)માં અલગ અલગ સીટો ફાળવી આપવા કરેલ વિનંતી ઉપર ચર્ચા વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૬)

(નોંધઃ ૧) વડાશ્રી અનુસ્નાતક સોશ્યલ વર્ક વિભાગે તેમના તારીખ : ૦૬/૦૪/૨૦૨૨ના પત્રથી નીચે દર્શાવ્યા પ્રમાણેના અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩થી કુલ સીટોમાંથી ગ્રાન્ટ-ઈન-એઈડ્ (GIA) અને સેલ્ફ ફાઈનાન્સ(SF)માં અલગ અલગ સીટો ફાળવી આપવા કરેલ વિનંતી કરેલ છે.

| અનુ. | અભ્યાસક્રમ | GIA બેઠકો | SF બેઠકો | કુલ બેઠકો |
|---|---|---|---|---|
| ૧. | M.S.W. | ૬૦ | - | ૬૦ |

૨) હાલ ઉપરોકત અભ્યાસક્રમોમાં તમામ સીટો સેલ્ફ ફાઈનાન્સના ધોરણે ભરવામાં આવે છે.

૩) મહેકમ વિભાગના તારીખ : ૧૬/03/૨૦૨૨ના પત્ર નં. બથી/એકેડેમિક/૭૭૪૪ મુજબ અનુસ્નાતક વિભાગોમાં નિમણુંક કરેલ અધ્યાપકોનો પગાર સરકારશ્રી તરફથી મળતી ગ્રાન્ટમાંથી કરવામાં આવે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક સોશ્યલ વર્ક વિભાગમાં ચાલતા એમ.એસ.ડબલ્યુ. અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩થી કુલ સીટોમાંથી ગ્રાન્ટ-ઈન-એઈડ્ (GIA) માં કુલ ૬૦ સીટો ફાળવવી.**

**૨૪.** Post Graduate Department of Applied and Interdisciplinary Science (IICISST) **વિભાગમાં ચાલતા** M.Sc. Biomedical Science **અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩થી કુલ સીટોમાંથી ગ્રાન્ટ-ઇન-એઇડ્** (GIA) **અને સેલ્ફ ફાઇનાન્સ**(SF)**માં અલગ અલગ સીટો ફાળવી આપવા કરેલ વિનંતી ઉપર ચર્ચા વિચારણા કરવા બાબત.** **(બિડાણઃ ૭)**

**(નોંધઃ ૧)** **વડાશ્રી,** Post Graduate Department of Applied and Interdisciplinary Science (IICISST) **વિભાગે તેમના તારીખ : ૨૮/03/૨૦૨૨ના પત્રથી નીચે દર્શાવ્યા પ્રમાણેના અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩થી કુલ સીટોમાંથી ગ્રાન્ટ-ઇન-એઇડ્** (GIA) **અને સેલ્ફ ફાઇનાન્સ**(SF)**માં અલગ અલગ સીટો ફાળવી આપવા કરેલ વિનંતી કરેલ છે.**

| અનુ. | અભ્યાસક્રમ | GIA બેઠકો | SF બેઠકો | કુલ બેઠકો |
|---|---|---|---|---|
| ૧. | M.Sc. Biomedical Science | ૧૦ | ૧૦ | ૨૦ |

૨) હાલ ઉપરોકત અભ્યાસક્મોમાં તમામ સીટો સેલ્ફ ફાઇનાન્સના ધોરણે ભરવામાં આવે છે.

૩) મહેકમ વિભાગના તારીખ :૧૬/03/૨૦૨૨ના પત્ર નં. ઈી/એકેડેમિક/૭૭૪૪ મુજબ અનુસ્નાતક વિભાગોમાં નિમણુંક કરેલ અધ્યાપકોનો પગાર સરકારશ્રી તરફથી મળતી ગ્રાન્ટમાંથી કરવામાં આવે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે Post Graduate Department of Applied and Interdisciplinary Science (IICISST) વિભાગમાં ચાલતા M.Sc. Biomedical Science અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩થી કુલ સીટોમાંથી ગ્રાન્ટ-ઇન-એઇડ્ (GIA) અને સેલ્ફ ફાઇનાન્સ(SF)માં ઉપર મુજબની સીટો ફાળવવી.**

**૨૫. <u>અનુસ્નાતક ફિઝિકસ વિભાગના વડાશ્રીની નિમણૂંક કરવા બાબત.</u>**

(નોંધઃ ૧) ડૉ. પી. સી. વિનોદકુમાર, પ્રોફેસર(સીએએસ), ફિઝિકસ વિભાગને આ કાર્યાલયના તારીખ. ૦૫/03/૨૦૧૮ના પત્રાંકઃ ડી-ઈ/૧૦/૧૦૫૭૪થી અનુસ્નાતક ફિઝિકસ વિભાગના વડાશ્રી તરીકે **તા. ૨૬/૦૨/૨૦૧૮ થી તા. ૦૯/૦૫/૨૦૨૨** સુધી નિમણૂંક કરવામાં આવી હતી.

૨) ડૉ. પી. સી. વિનોદકુમારનો વડાશ્રી તરીકેનો કાર્યકાળ **તા. ૦૯/૦૫/૨૦૨૨**ના રોજ પૂર્ણ થાય છે.

૩) તારીખઃ 30/૦૧/૨૦૧૨ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓને નિમણૂંક આપવા અંગે ઠરાવ ક્રમાંકઃ ૪થી નીચે મુજબ ઠરાવેલ છે.)

**<u>O.96.A</u> Appointment of a Head of a Post-graduate Department**

**(Under Section 43 (1) (u) and statute 112A, 112B, 112C AND 112D)**

For the purpose of appointing a Head of a postgraduate department of the University, a professor appointed under the direct recruitment and a professor appointed under career advancement scheme (CAS) shall be treated at par.

In order to consider the seniority for the appointment of the Head, the seniority of a professor appointed under CAS shall be considered at par with the seniority of a professor appointed under direct recruitment.

The seniority list shall be prepared on the basis of above-mentioned points (1) and (2), and the senior Professor (with at least 2 yrs of service as Professor in the university) shall be appointed as Head of the department from the seniority list prepared as above.

In case, a professor is appointed from other University or Institution or College, the number of years of his/her professorship at the other University or Institution or College shall be considered for the purpose of seniority. However, the continuing Head shall complete the term of Headship.

In case there is only one professor in the department, he / she shall continue as Head till another professor is appointed in the department. In such case, on appointment of another professor, the seniority list shall be prepared and placed before the syndicate for the review and appointment as Head. However, the continuing Head shall complete the term of Headship.

In case there is no professor appointed (under direct recruitment or CAS) in the department, an Associate Professor shall be appointed as Head of the department from amongst the seniority list of Associate Professors prepared in the manner as professor as mentioned above.

In case, professor is appointed in such department, the Associate Professor shall cease to be the Head of the department upon joining the duty as professor, and such professor shall become the Head of the department.

The Professor / Associate Professor appointed as Head of the department shall hold the office of Headship for a period of FIVE years from the date of the joining as Head of the department. He / She shall submit a joining letter in writing to the Registrar of the University upon joining as Head of the department.

In case, a Professor or an Associate Professor in the seniority list was punished for any malpractices, either by the Syndicate or by the University where he/she worked in the past shall become ineligible for the appointment as Head of the department.

The Headship of the department shall be rotated every FIVE years amongst the Professors of the department or amongst the Associate Professors of the department, if there is no professor in such departments.

**મહેકમ વિભાગ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર અનુસ્નાતક ફિઝિકસ વિભાગમાં હાલ નીચે પ્રમાણે પ્રોફેસર અને એસોસિયેટ પ્રોફેસરો (રીડર) કાર્યરત છે.**

| પ્રોફેસરોની યાદી | | | | | |
|---|---|---|---|---|---|
| નં. | અધ્યાપકનું નામ અને હાદ્દો | યુનિ.માં જોડાયા તારીખ. | યુનિ.માં રીડર તરીકે નિમણૂંક તારીખ. | યુનિ.માં પ્રોફેસર તરીકે નિમણૂંક તારીખ. | જન્મ તારીખ/ નિવૃત્તિ તારીખ/ સત્રાંતે નિવૃત્તિ |
| ૧. | ડૉ. પી. સી. વિનોદકુમાર<br>પ્રોફેસર (સીએએસ) | ૨૦/૦૧/૧૯૯૩ | ૨૦/૦૨/૧૯૯૩<br>રીડર (સીએએસ) | ૨૦/૦૨/૨૦૦૧<br>પ્રોફેસર<br>(સીએઅસ) | ૧૦/૦૫/૧૯૬૦<br>૦૯/૦૫/૨૦૨૨<br>૧૪/૦૬/૨૦૨૨ |
| ૨. | ડૉ. વિવેક મધુશંકર પાઠક<br>પ્રોફેસર (સીએએસ) | ૧૪/૦૮/૧૯૮૯ | ૨૨/૦૨/૧૯૯૪<br>રીડર | ૨૨/૦૨/૨૦૦૨<br>પ્રોફેસર<br>(સીએઅસ) | ૦૯/૦૭/૧૯૬૩<br>૦૮/૦૭/૨૦૨૫<br>૩૧/૧૦/૨૦૨૫ |
| ૩. | ડૉ. એમ. પી. દેશપાંડે<br>પ્રોફેસર (સીએઅસ)(આરડીઈએસ) | ૦૪/૦૭/૧૯૯૪ | ૩૦/૧૨/૨૦૦૦<br>રીડર | ૩૦/૧૨/૨૦૦૮<br>પ્રોફેસર | ૦૩/૦૬/૧૯૬૮<br>૦૨/૦૬/૨૦૩૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | (ડીસીએઅસ) | (ડીસીએઅસ) | ૧૪/૦૬/૨૦30 |
| ૪. | ડૉ. કિરીટકુમાર દેસાઇભાઇ પટેલ<br>પ્રોફેસર (સીએઅસ)(આરડીઇએસ) | ૨૬/૧૧/૧૯૯૧ | ૦૪/૦૭/૨003<br>રીડર<br>(ડીસીએઅસ) | ૦૪/૦૭/૨૦૦૯<br>પ્રોફેસર<br>(સીએઅસ)<br>(આરડીઇએસ) | ૩૧/૦૮/૧૯૬૭<br>30/૦૮/૨૦૨૯<br>૩૧/૧૦/૨૦૨૯ |
| ૫. | ડૉ. ગુણંવત કાંતિલાલ સોલંકી<br>પ્રોફેસર (સીએઅસ)(આરડીઇએસ) | ૦૪/૦૭/૧૯૯૪ | ૧૨/૦૭/૨003<br>રીડર<br>(ડીસીએઅસ) | ૧૨/૦૭/૨૦૦૯<br>પ્રોફેસર<br>(સીએઅસ)<br>(આરડીઇએસ) | ૦૨/૧૧/૧૯૬૬<br>૦૧/૧૧/૨૦૨૮<br>૧૪/૦૬/૨૦૨૯ |
| ૬. | ડૉ. બ્રીજમોહન વાય. ઠાકોર<br>પ્રોફેસર (સીએઅસ) | ૧૪/૦૨/૨૦૦૨ | ૧૪/૦૨/૨૦૦૨<br>રીડર | ૦૧/૦૨/૨૦૦૯<br>પ્રોફેસર<br>(સીએઅસ) | ૨૫/૧૨/૧૯૬૬<br>૨૪/૧૨/૨૦૨૮<br>૧૪/૦૬/૨૦૨૯ |
| ૭. | ડૉ. સુનિલ એચ. ચાકી<br>પ્રોફેસર (સીએઅસ) | ૦૧/૦૮/૨૦૦૮ | ૦૧/૦૮/૨૦૦૮<br>રીડર | ૦૧/૦૮/૨૦૧૧<br>પ્રોફેસર<br>(સીએઅસ) | ૧૫/૧૦/૧૯૬૭<br>૧૪/૧૦/૨૦૨૯<br>૩૧/૧૦/૨૦૨૯ |
| ૮. | ડૉ. કિરીટ નટવરલાલ લાડ<br>પ્રોફેસર | ૦૧/૦૬/૨૦૧૮ | --- | ૦૧/૦૬/૨૦૧૮<br>પ્રોફેસર | ૧૪/૦૮/૧૯૭૪<br>૧3/૦૮/૨0૩૬<br>૩૧/૧૦/૨0૩૬ |

| એસોસિયેટ પ્રોફેસરો (રીડર)ની યાદી | | | | | |
|---|---|---|---|---|---|
| **નં.** | **અધ્યાપકનું નામ અને હોદ્દો** | **યુનિ.માં જોડાયા તારીખ.** | **યુનિ.માં આસિ. પ્રોફેસર તરીકે નિમણૂંક તારીખ.** | **યુનિ.માં એસો.પ્રોફેસર (રીડર) તરીકે નિમણૂંક તારીખ.** | **જન્મ તારીખ/ નિવૃત્તિ તારીખ/ સત્રાંતે નિવૃત્તિ** |
| ------ નીલ ------ | | | | | |

**નવા વડાશ્રીની નિમણુંક તા. ૧૦/૦૫/૨૦૨૨થી કરવાની થાય.**

